ભાજપ પ્રમુખ-ઉપપ્રમુખ અવિશ્વાસ દરખાસ્ત કાઉન્ટ ડાઉન વચ્ચે પાલિકા પ્રમુખની હાઈકોર્ટમાં રીટ

ડીસા, તા. ૧૬

ડીસા નગરપાલિકાના ભાજપના ચાલુ પ્રમુખ-ઉપપ્રમુખ વિરૂદ્ધ એકાદ માસ પહેલા પાલિકાના પૂર્વપ્રમુખ અને કોંગ્રેસના સદસ્ય વિપુલ શાહે અન્ય ૧૨ સદસ્યોની સહી સાથે અવિશ્વાસની દરખાસ્ત રજુ કરી હતી. જો કે આ અવિશ્વાસ દરખાસ્ત માટે નિયત મુદતમાં પાલિકા પ્રમુખ કે ઉપપ્રમુખે એજન્ડા કે સાધારણસભા ન બોલાવતા વિપક્ષે શાસક પક્ષ લઘુમતીમાં હોવાનું જાહેર કરી કલેક્ટર બનાસકાંઠા આ મામલે ન્યાયિક કાર્યવાહી હાથ ધરે તે માટે આવેદન પત્ર આપ્યું હતું. જ્યારે શાસક એવા ચાલુ પ્રમુખ-ઉપપ્રમુખ દ્વારા આ અવિશ્વાસની દરખાસ્ત નિયત મુજબ રજુ ન કરાયેલી હોવાનું જણાવી દફતરે થયેલી જાહેર કરી હતી. જો કે આ તમામ બાબતો વચ્ચે પાલિકાના ભાજપના પ્રમુખ-ઉપપ્રમુખ સમગ્ર માલો ગુજરાત હાઈકોર્ટમાં લઈ જતા અને હાઈકોર્ટે ગુજરાત સરકાર, જિલ્લા કલેક્ટર બનાસકાંઠા અને પાલિકા ચીફ ઓફિસર, તેમજ અવિશ્વાસની દરખાસ્ત રજુ કરનારા ૧૨ સદસ્યોને નોટીસ ઈસ્યુ કરી ૧૭મી જાન્યુઆરી-૨૦૧૪નાં રોજ હાજર થવા નોટીસ ઈશ્યુ કરતા આ સમગ્ર મામલો અને અવિશ્વાસની દરખાસ્તથી રાજકારણ ગરમાયું છે.

આ અંગેની મળતી વિગતો જોઈએ તો ડીસા નગરપાલિકામાં પૂર્વ પાલિકા પ્રમુખ એવા કોંગ્રેસના વિપુલભાઈ શાહે ૧૩ ટેકેદાર સદસ્યો સાથે એકાદ માસ પહેલા પાલિકાના વર્તમાન પ્રમુખ અને ઉપપ્રમુખ વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્ત ચીફ ઓફિસર સમક્ષ રજૂ કરી હતી. જેના પર નિયમ મુજબના સમયગાળામાં એજન્ડા અને સાધારણ સભા બોલાવી મતદાનની પ્રક્રિયા કરવામાં પાલિકા પ્રમુખ અને ઉપપ્રમુખ નિષ્ફળ નીવડ્યા હતા અને તેમને કાયદાનો ઉલ્લેખ કરી આ ૧૩ સદસ્યોની રજુ થયેલી અવિશ્વાસની દરખાસ્ત નિયત મુજબ ન હોઈ દફતરે થયેલી જાહેર કર્યું હતું જો કે વિપક્ષના વિપુલભાઈ શાહ અને જિલ્લાભરના કોંગ્રેસી આગેવાનોએ આ સત્તાસ્થાને બેઠેલા ભાજપનું કાયદા વિરૂદ્ધનું કાર્ય જણાવી જિલ્લા કલેક્ટર બનાસકાંઠાને આ મામલે નિયમ મુજબ કાર્યવાહી કરી અવિશ્વાસની દરખાસ્ત પર મતદાન કરાવવા આવેદન પત્ર આપ્યું હતું. કાયદાના સિદ્ધાંતો જોતા અવિશ્વાસની દરખાસ્ત પર એક માસની અવધી દરમ્યાન જિલ્લા કલેક્ટર બનાસકાંઠા તેમની દેખરેખ હેઠળ બેઠક બોલાવી મતદાન લઈ શકે છે જો કે આ કાર્યવાહીની અમલ બજવણી થાય તે પહેલા ડીસા પાલિકાના ભાજપ પ્રમુખ ડૉ. તેજલબેન પટેલ અને ઉપપ્રમુખ નીલેશભાઈ ઠક્કરે ગુજરાત હાઈકોર્ટમાં આ મામલે સ્પેશીયલ સિવિલ એપ્લીકેશન દાખલ કરી હતી, જેમાં ફરિયાદ પક્ષે એડવોકેટ સી.બી. ઉપાધ્યાય દ્વારા રજુ થયેલી વિરોધ પક્ષની અવિશ્વાસની દરખાસ્તની કાયદેસરતા બાબતે સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. જેમાં હાઈકોર્ટ જજ એ.જે. દેસાઈએ સુનાવણી હાથ ધરી હતી અને સામાવાળા ગુજરાત સરકાર, જિલ્લા કલેક્ટર બનાસકાંઠા, ચીફ ઓફિસર ડીસા પાલિકા તેમજ અવિશ્વાસ દરખાસ્ત રજુ કરનાર પૂર્વ પાલિકાપ્રમુખ વિપુલભાઈ શાહ સહીત કુલ ૧૧ને આવતીકાલે ૧૭મી જાન્યુઆરી શુક્રવારના રોજ હાજર રહેવા નોટીસ ઈશ્યુ કરેલ છે, જેનાથી કોંગ્રેસ અને ભાજપ બન્નેમાં રાજકારણ ગરમાયું છે.

પાલનપુર શહેરમાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલય આવેલું છે. જે સરકારી છાત્રાલયમાં પડતી અગવડતાઓને પગલે નારાજ વિદ્યાર્થીઓ આજે કલેક્ટર કચેરીએ દોડી આવ્યા હતા. જ્યાં તેઓએ આવેદનપત્ર પાઠવી ન્યાયની ગુહાર લગાવી હતી. પાલનપુર ખાતે આદિજાતિના વિદ્યાર્થીઓની સુવિધા માટે સરકારી કુમાર છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવી છે. જો કે, આ છાત્રાલયમાં સુવિધાઓના અભાવે વિદ્યાર્થીઓ દુવિધા ભોગવી રહ્યા છે. સરકારી કુમાર છાત્રાલયમાં પાંચ રૂમની સામે ૩૩ વિદ્યાર્થીઓ રાખવામાં આવે છે. ફુડ બીલ ચુકવાતું નથી અને કડકડતી ઠંડી વચ્ચે પણ રજાઈ કે ધાબળા પણ નથી. જ્યારે બાથરૂમ અને ટોઈલેટ પમ એક જ હોવાથી વિદ્યાર્થીઓને ભારે હાલાકી વેઠવી પડે છે. ત્યારે પોતાની આપવીતી લઈને વિદ્યાર્થીઓ આજે કલેક્ટર કચેરીએ આવી પહોંચ્યા હતા. જ્યાં તેઓએ કલેક્ટર જે.જી. હીંગરાજીયાને આવેદનપત્ર પાઠવી પોતાની વ્યથા રજૂ કરી ઘટતું કરવાની માંગ કરી હતી. (તસવીર : હરેશ જોશી, પાલનપુર)

ટ્રકે સાઈકલ પર જતી વિદ્યાર્થિનીને ટક્કર મારી

નેશનલ હાઈવે નં. ૮ ત્રણ રસ્તા પાસે સાઈકલ લઈ જઈ રહેલ વિદ્યાર્થિનીને પુરપાટ ઝડપે આવી રહેલ વિદ્યાર્થિનીને ટક્કર મારતા હિંમતનગર ખાતે વધુ સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. પ્રાંતિજ નેશનલ હાઈવે નં. ૮ ત્રણ રસ્તા પાસે શિવાંગી હિતેષકુમાર મોદી પોતાની સાઈકલ લઈ જઈ રહી હતી ત્યારે હિંમતનગર તરફથી પુરપાટ ઝડપે આવેલી ટ્રક નં. જીજે-૯એક્સ-૩૬૨૩ વિદ્યાર્થિનીને ટક્કર મારતા રોડ પર પટકાઈ હતી. જેમાં શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવી હતી.

તાંદલીયા સ્થિત સબસ્ટેશનનો પ્રારંભ

ખેડબ્રહ્મા, તા. ૧૬

ખેડબ્રહ્મા તાલુકામાં તાંદલીયા ખાતે ૬૬ કે.વી. સબ સ્ટેશન અંદાજે ૧ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે. જેનો લોકાર્પણ સમારોહ મંત્રી ગણપતભાઈ વસાવાના હસ્તે કરવામાં આવ્યો હતો. ૬૬ કે.વી. સબ સ્ટેશન થવાથી આજુબાજુના ગામમાં પૂરતા પ્રમાણમાં તેમજ પૂરતા વિજ દબાણથી વિજ પુરવઠો મળશે. ઉપરાંત ખેડબ્રહ્માના ઔદ્યોગિક વિકાસ તેમજ ખેડૂત વિષયક વિગેરે વિજ પુરવઠો ૬૬ કે.બી. સબ સ્ટેશનમાંથી મળશે. ખેડબ્રહ્મામાં આ સબ સ્ટેશન બનતા ૧૫ ગામોને તેનો લાભ મળશે.

પાલનપુરમાં પોલીસ પર બુટલેગરો હાવી

ખુદ ટ્રાફિકકર્મી પોલીસ રક્ષણ હેઠળ લઈ રહ્યો છે સારવાર અને તેના નિવાસસ્થાને ગોઠવાયો પોલીસ પહેરો : હમાના હડમાલામાં વ્યસ્ત પોલીસ સામે ફીટકારની લાગણી વરસાવતા નિવૃત્ત મહિલા પી.એસ.આઈ.

પાલનપુર, તા. ૧૬

એકબાજુ જિલ્લા પોલીસવડા અશોકકુમાર યાદવ પોલીસ બેડામાં

નીત-નવા નુસખાં અપનાવી પોલીસને પ્રજા વચ્ચે સેતુ બાંધવાનો પ્રયાસ કરી રહ્યા છે. ત્યારે સિક્કાની બીજી બાજુએ પાલનપુર શહેરમાં હમાના હડમાલામાં વ્યસ્ત પોલીસને પગલે દારૂના બુટલેગરોનું રાજ ચાલી રહ્યું હોય તેમ બુટલેગરો પોલીસ પર હાવી થઈ રહ્યા હોવાની ચર્ચા ટોક ઓફ ધ ટાઉન બની છે. જેમાં શહેરના એક ટ્રાફિક પોલીસકર્મી પર એક બુટલેગરે જીવલેણ હુમલો કરતા ચકચાર મચી જવા પામી છે.

પાલનપુર શહેરમાં કાયદો અને વ્યવસ્થાની કથળતી જતી પરિસ્થિતિનું બયાન કરતી ચોંકાવનારી ઘટના ઘટવા પામી છે. શહેરના સીન્ધી કોલોનીમાં હિતેશ ઠાકોર વર્ષોથી દારૂનો ધંધો કરે છે. જે બુટલેગરે સ્થાનિક યુવાન ભરત ખત્રી પોલીસનો બાતમીદાર હોવાની શંકાને આધારે તેને માર મારવાની ધમકી આપી હતી. જે યુવાની વ્હારે ચડીને આવેલા ટ્રાફિક બ્રિગેડમાં ફરજ બજાવતા ભરત ગ્વાલાની (સીન્ધી)એ બુટલેગરને આ અંગે કહેવા જતા મામલો બીચક્યો હતો અને ખુદ બુટલેગરે ટ્રાફિક પોલીસકર્મી સાથે જ હાથાપાઈ કરી તેના પાસે રહેલા રૂ. બાર હજારની લૂંટ ચલાવી તેને ઢોર માર માર્યો હોવાનું ખુદ ઈજાગ્રસ્ત ભરત ગ્વાલાનીએ જણાવ્યું હતું. આ અંગે ટ્રાફિકકર્મી ભરત સીન્ધીએ બુટલેગર હીતેશ ઠાકોર સહીત અગિયારેક જણા સામે પાલનપુર શહેર પુર્વ પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવી હતી.

જો કે પોલીકર્મીએ આ અંગે પોલીસ ફરીયાદ નોંધાવતા બુટલેગર વધુ ગિન્નાયો હતો અને તેણે તેના સાગરીતો સાથે જઈ ટ્રાફિક પોલીસકર્મી પર તેના ઘર પાસે જ જાનલેવા હુમલો કર્યો હતો. જો કે ટ્રાફિકકર્મીની નિયત પી.એસ.આઈ. માતા જેઠીબેને પણ હમાના હડમાલામાં વ્યસ્ત પોલીસ

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

સામે ફીટકારની લાગણી વરસાવી હતી.

દરમિયાન, પાલનપુર પોલીસના રાજમાં ખુદ ટ્રાફિક પોલીસકર્મી ભરત સીન્ધીને પોલીસ રક્ષણ હેઠળ સારવાર લેવાની ફરજ પડી હતી. જ્યારે બુટલેગરના ખોફથી થરથરતા તેના પરિવારજનોની સલામતી માટે ખુદ પોલીસ પહેરો ભરી રહી છે. જે પુરવાર કરે છે કે, પોલીસની રહેમનજર તળે ઉછરી રહેલા બુટલેગરો હવે પોલીસ પર જ ભાર પડી રહ્યા છે.

સીન્ધી કોલોનીના રહીશોએ એસ.પી. સમક્ષ લગાવી ન્યાયની ગુહાર

પાલનપુરના ગુરૂનાનાક ચોક સીન્ધી કોલોની પાસે ચાલતા દારૂના અડ્ડા પર ગતરોજ થયેલી તકરારમાં એક સ્થાનિક યુવાન ભરત ખત્રીને મળેલી ધમકી અને બાદમાં ટ્રાફિક બ્રિગેડ પર થયેલા હીચકારા હુમલાના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. અત્યાર સુધી ડરના માર્યા ચુપકીદી સેવી રહેલા સીંધી કોલોનીના રહીશો આજે બહાર આવ્યા હતા. અને તેઓએ જિલ્લા પોલીસ વડા અશોકકુમાર યાદવ સમક્ષ ન્યાયની ગુહાર લગાવી હતી. આ દારૂના અડ્ડાને કારણે અહીં આવતા દારૂડીયાઓને લઈને પોતાની બેન-દિકરીઓની સલામતી જોખમાતી હોવા ઉપરાંત સમગ્ર કોલોની ભયથી કાંપતી હોવાની રજુઆત સાથે મોટાભાગની બહેનોની આંખો ભરાઈ આવી હતી. જ્યારે એક રહીશે તો આ બદી દૂર નહી થાય તો ના છુટકે પરિવાર સાથે આત્મવિલોપન કરવાની ચીમકી પણ આપી હતી. વળી, સીન્ધી કોલોનીના બુટલેગરો સાથે શહેર પોલીસના કેટલાક પોલીસકર્મીઓની સાંઠગાંઠ અંગે પણ રજુઆત કરાઈ હતી. જો કે, જિલ્લા પોલીસવડાએ આ બાબતે કડક હાથે કામ લેવાની ખાત્રી સાથે તપાસ કરી કસુરવાર પોલીસકર્મીઓને પણ દંડ આપવાની ખાત્રી આપી હતી.

કોંગ્રેસની સદાચાર યાત્રાનો બીજો તબક્કો ૧૯મીથી શરૂ

અમદાવાદ,તા.૧૬

સદાચાર યાત્રાના બીજા તબક્કામાં તા. ૧૯-૧-૧૪થી બીજા સાત દિવસ માટે શરૂ થશે જે દાંડી ખાતે તા. ૨૩મીના રોજ સમાપન થશે.

તા. ૧૯-૧-૧૪ની યાત્રા ભાવનગરથી વલ્લભીપુર-બોટાદ-રાજકોટથી ચોટીલા-થરાદ-હળવદ, ધ્રાંગધ્રા ઉમરાળાથી સવણ, બતલવાડા, ભીલાડા, વાપી, કપરાડા જશે. રાજ્યની પ્રવર્તમાન સરકારે આચરેલ વ્યાપક ભ્રષ્ટાચાર તથા રાજ્યની પ્રવર્તમાન ગંભીર કાયદો વ્યવસ્થાનીકથળી ગયેલ સ્થિતિ અને રાજ્ય સરકાર દ્વારા ખોટા દાવાઓ દ્વારા ચલાવવામાં આવી રહેલા જુઠ્ઠાણાઓથી લોકોને અવગત કરાવવા તથા કોંગ્રેસ નીતિ તથા કોંગ્રેસની સિદ્ધિઓથી સહુને માહિતગાર વાકેફ કરવાના ઉદેશ્ય સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજીત સદાચાર યાત્રા જુદા જુદા પાંચ વિભાગોમાં તા. ૭ જાન્યુઆરીથી તા. ૨૩ જાન્યુઆરી સુધી કુલ ૪૯૩૬ કિ.મી.ના અંતર સાથે ૪૧ શહેર જીલ્લાના ૨૦૦થી વધુ તાલુકાના વિવિધ ગામોમાંથી પસાર થઈ રહી છે.

શબ્દાવલી - ૫૨૮૯



આડી ચાવી

૧. કિસ્મતવાળુ, ભાગ્યશાળી (૫)
૪. સૂર્ય (૨)
૬. નસ, નાડી (૨)
૭. બોલ, કહેવું તે (૩)
૮. શબ્દ, અક્ષર (૩)
૧૦. શુદ્ધિ, હોંશ (૨)
૧૧. તાવડી, લોઢી (૨)
૧૨. આંખનો પલકારો, પોંપચું (૩)
૧૩. આકાશમાં એકઠો થતો ધુમાડાનો સમુહ (૩)
૧૬. લાજ, સંકોચ (૩)
૧૭. નાના છોકરાઓનો અવાજ (૪)
૨૦. ભાવુક, ભાવનાવાળુ (૩)
૨૧. પંખીઓનો અવાજ (૪)
૨૨. નાનકડો અણુ (૨)

ઊભી ચાવી

૧. શિખામણ, ઠપકો (૪)
૨. પાણીનું જામી જવું તે (૩)
૩. ડાઘ, એક ફિલ્મ (૨)
૪. રાજાઓનું વાહન (૨)
૫. અરજ, વિનંતી કરવી (૪)
૭. હેમ, સોનું (૩)
૯. સપ્તાહનો એક વાર (૪)
૧૦. કપાળ, લલાટ (૨)
૧૨. એક ઘડીનો ૬૦મો ભાગ, ક્ષણ (૨)
૧૪. શ્વાસ, એક રોગ (૨)
૧૫. એક ગળી વાનગી (૨)
૧૬. સો, ૧૦૦ (૩)
૧૭. કવિતાઓ બનાવે તે...(૨)
૧૮. નશીબ, ભાગ્ય (૨)
૧૯. એક કંદ (૩)
૨૦. કિંમત, મૂલ્ય (૨)

શબ્દાવલી ૫૨૮૮ના જવાબ

આડી ચાવી :- (૧) સ્વમાન (૩) તકાજો (૬) જર (૭) લલકાર (૮) નકોરડો (૧૦) દ્રાવ (૧૨) તાયફો (૧૩) રત (૧૪) બેશક (૧૬) વાશ (૧૭) ધાર (૧૮) ઘરબાર (૨૧) સાવજ (૨૪) મરીજ (૨૫) દખલ

ઊભી ચાવી :- (૧) સ્વજન (૨) મારકો (૩) તલ (૪) કાકા (૫) જોરદાર (૭) લડાયક (૯) રતાશ (૧૧) વતન (૧૪) બેશરમ (૧૫) વરસાદ (૧૬) વાઘ (૧૯) બારી (૨૦) રજ (૨૨) વખ (૨૩) જલ

કંપની સમાચાર

અમદાવાદના વિઝન ફાઉન્ડેશન દ્વારા વિશિષ્ટ સિદ્ધિઓ માટે ગ્લોબલ વિઝનરી એવોર્ડ દ્વારા સાત નિષ્ણાતોનું સન્માન

ભારતની વસુધૈવ કુટુંબકમની વૈશ્વિક ભાવનાને બિરદાવતાં કેળવણીકાર ડૉ. હેમંત ત્રિવેદી

વિભિન્ન ક્ષેત્રે અસાધારણ સિદ્ધિઓ મેળવનારા દેશ વિદેશના સાત મહાનુભાવોનું આજે અમદાવાદમાં યોજાયેલા એક ખાસ સમારંભમાં શહેરના વિઝન ફાઉન્ડેશન દ્વારા ગ્લોબલ વિઝનરી એવોર્ડ અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. વિવિધ ક્ષેત્રના નિષ્ણાત એવા આ મહાનુભાવોનાં કેનેરા બેંકના ચેરમેન અને મેનેજીંગ ડિરેકટર આર.કે. દુબે, ન્યુયોર્કના શિક્ષણશાસ્ત્રી ડૉ. સુરેન્દ્ર કૌશિક, ન્યુઝિલેન્ડના બેરિસ્ટર ડૉ. અજીત સ્વર્ણસીંઘ, નેધરલેન્ડઝના આઈટીક્ષેત્રનાં નિષ્ણાંત અને સામાજિક કાર્યકર વાહિદ સાલેહ, બોસટવાના યુનિવર્સિટીના વિવિધ એન્જિનિયર સુભાષ રાઝદાન અને મુંબઈની અંધજનો તથા બહેરા અને અંધ લોકો માટેની હેલન કેલર ઈન્સ્ટિટયુટના યોગેશભાઈ દેસાઈનો સમાવેશ થતો હતો. તમામ એવોર્ડ વિજેતાને ગાંધીનગર ખાતેની સ્કૂલ ઓફ પેટ્રોલિયમ મેનેજમેન્ટના ડિરેકટર ડૉ. હેમંત ત્રિવેદીએ એવોર્ડ અને શિકાગોના અગ્રણી કર્મશીલ અને સામાજિક કાર્યકર ભાઈલાલભાઈ પટેલે પ્રશસ્તિ પત્ર અને વિઝન ફાઉન્ડેશનના સ્થાપક પ્રમુખ નરેન શાહે ગાંધી ચરખો અર્પણ કર્યા હતા. ઈંગ્લેન્ડના કેપ્ટન માઈક પટેલને ગાંધીન ચરખાની પ્રતિકૃતિ ભેટ અપાઈ હતી.

સમારંભના પ્રમુખ સ્થાનેથી બોલતાં ડૉ. હેમંત ત્રિવેદીએ એવોર્ડ વિજેતાઓની વિવિધ ક્ષેત્રની સિદ્ધિઓની પ્રશંસા કરતાં એમનામાં રહેલા ભારતીય હોવાના ગૌરવને બિરદાવ્યું હતું. એમણે કહ્યું હતું કે વસુધૈવ કુટુંબકમની ભારતની પ્રાચીન વૈશ્વિક ભાવના આજે પણ પ્રસ્તુત છે. એમણે 'એચીવર્સ'નું સન્માન કરવા દરમિયાન ભેદભાવ વગર દેશ વિદેશના લોકોને આવરી લેવા માટે વિઝન ફાઉન્ડેશનની ખાસ પ્રશંસા કરી હતી.

વસંતોત્સવ ઉજવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કે ઉત્તરપ્રદેશનું મયુર નૃત્ય પાટનગર અને અમદાવાદના શહેરી અને ગ્રામીણ વિસ્તારોના દર્શકો માટે નજરાણા સમાન બની રહેશે. આ ઉપરાંત ગુજરાતમાં રાજ્યકક્ષાના નવરાત્રી પર્વમાં વિજેતા થયેલ પ્રાચીન ગરબા, અર્વાચીન ગરબા, રાસ અને આદિજાતિ નૃત્યો પણ રજૂ કરાશે.

આદિજાતિ નૃત્યોમાં ખાસ કરીને વડોદરાનુંરાઠવા નૃત્ય સાબરકાંઠાનુંહોળી નૃત્ય, નવસારીનું તુર લોકનૃત્ય, બનાસકાંઠાનુંસાંગી નૃત્ય, વલસાડનુંઠાકરે નૃત્ય, ડાંગનું કહાડિયા નૃત્ય તથા ભરૂચ જિલ્લાનું શીદી ધમાલ નૃત્ય પારંપરિક વેશભૂષા અને દિલધડક નૃત્યો રજૂથશે. આ મહોત્સવની સાથે વિવિધ રાજ્યો અનેદેશની મશહુર હસ્તકલાની જણસોનું ખુબ મોટું બજાર અને વિખ્યાત હસ્તકલાની હાટડીઓ મંડાશે. જુદા જુદા રાજયોની ડેન્ડીક્રાફટસની કૃતિઓના બજારમાં નગરજનોને મનગમતી ચીજવસ્તુઓ જોવા મળશે. રાજયના માહિતી ખાતા દ્વારા અને પ્રવાસન ખાતા દ્વારા પ્રદર્શન યોજીને સાંસ્કૃતિક ધરોહરનું જતન કરવામાં આવે છે. વસંતોત્સવ કાર્યક્રમ ખરેખર નવરંગી ચંદરવો છે. રાષ્ટ્રીય લોકકલાની સંસ્કૃતિના આદાન પ્રદાનનો આ અવસર ગણાય છે. સાચા અર્થમાં આ સાંસ્કૃતિક ધરોહરને ઉજાગર કરનાર વસંતોત્સવ કાર્યક્રમ જુદાજુદા પ્રદેશોના લોકનૃત્યો, આદવાસી નૃત્યો અને સાંસ્કૃતિક શિરસ્તાઓના આદાન પ્રદાનમાં શિરમોર ભૂમિકા ભજવેછે.

આગામી વસંતોત્સવ કાર્યક્રમના આયોજનમાં વિભાગના સચિવ ભાગ્યેશ જહાના માર્ગદર્શન હેઠળ કમિશનર કે.ડી. કાપડિયા સહીતની ટીમે સફળ આયોજન માટે જહેમત ઉઠાવી છે.

'ઘીના ઠામમાં...'

● અનુસંધાન પહેલાનું ચાલુ

ધ્યાને રાખવાના મુદ્દે જિલ્લા મોવડીમંડળે ખાત્રી આપતાં સમગ્ર મામલો થાળે પડી ગયો હતો.

કોંગ્રેસના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સમિતિઓની પુનઃ રચના કરવાની કવાયત જ્યારે પણ હાથ ધરાશે ત્યારે આ સમગ્ર હકીકતોને ધ્યાને લઈ સભ્યોના મત જાણ્યા બાદ પરિસ્થિતિ પ્રમાણે યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

સમિતિઓની પુનઃ રચના હવે ક્યારે થશે તેને લઈ અટકળોનો દોર આરંભાયો છે. જો કે જિલ્લા પંચાયતના ઉપપ્રમુખની ચૂંટણી વેળાએ આ મામલો હાથ ધરાશે તેમ મનાઈ રહ્યું છે. જિલ્લા પંચાયતના ઉપપ્રમુખના રાજીનામા બાદ હવે વિકાસ કમિશ્નરને પણ આ અંગેનો અહેવાલ ઓકલી અપાયો છે.

દરમ્યાન જિલ્લા કારોબારી સમિતિની ૨૮મીએ મળનારી બેઠક તેના નિયત થયેલા એજન્ડા પરની કાર્યવાહી હાથ ધરશે. આ બેઠકમાં કલમ ૬૫- ૬૬ ના બિનખેતીના નિર્ણયો લેવામાં આવશે.

નગર પ્રદક્ષિણા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દ્વારા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. નગર પણ આપણા માટે મંદિર જેટલુ જ પવિત્ર છે. તેવી ભાવના સાથે આ પ્રદક્ષિણા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રદક્ષિણામાં જોડાવા ઈચ્છતા નાગરિકોએ આગામી તા. ૨૨મી જાન્યુઆરી સુધીમાં પોતાના ફોર્મ ભરીને બ્લોક નં. ૬૮૩/૨, સે. ૮ ખાતે મોકલી આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

નુકસાનના સંકેત

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ઉપરાંત જામફળ અને ગલગોટાના પાક પર પણ વિપરીત અસરો થવાની સંભાવના રહેલી છે. ગાંધીનગર જિલ્લામાં બાગાયતી પાકોમાં ચીકુ અને છુટા છવાયા આંબાનું વાવેતર છે. આ ઉપરાંત ગલગોટાનું વાવેતર થયું છે પરંતુ તે નેટહાઉસ પ્રોજેકટમાં હોવાથી તેને બહુ અસરો નહિ થાય તેમ મનાઈ રહ્યું છે.

બીજી તરફ શાકભાજીના પાક ખાસ કરીને ભીંડાનું વાવેતર જે આ વખતે સારૂ એવું થયું છે તેને અસરો પડવાની સંભાવનાઓ છે. ઘણા બધા ખેડૂતો ભીંડાના છોડ હવામાનની વિપરીત સ્થિતિમાં ચીમળાઈ રહ્યાની ફરિયાદ કરી રહ્યા છે. આ ઉપરાંત બટાટાના પાકને પણ થોડે ઘણે અંશે અસરો થવાની સંભાવનાઓ છે.

જિલ્લામાં શાકભાજી પાકોમાં ભીંડાનું વાવેતર ૧૨૦૦ હેકટર થી પણ વધુ વિસ્તાર છે. તો બટાટાનું વાવેતર ૮ હજાર હેકટર જેટલા વિસ્તારમાં થયેલું છે. જો કે આમાં ઉત્પાદનમાં ઘટાડો નહિ નોંધાય પણ તેના કદ અને વિકાસમાં અસરો જોવા મળી શકે છે તેમ કેટલાક નિષ્ણાતોનું માનવું છે.

જિલ્લામાં રવિ સીઝનનું વાવેતર ૭૦ હજાર હેકટર વિસ્તારમાં થયેલું છે. જેમાં ઘઉંના પાકનું વિક્રમી વાવેતર થયું છે જે ૩૫ હજાર હેકટર જેટલું છે જે ગત વર્ષ કરતાં સાત હજાર હેકટર જેટલું વધારે છે જે ઉલ્લેખનીય છે.

ઓનલાઈન જાહેર નિવિદા નં. ૧૦ સને ૨૦૧૩-૧૪નો સુધારો

પાટનગર યોજના વિભાગ નં.૧, સેક્ટર નં.૧૬, ગાંધીનગર

આ કચેરી દ્વારા અગાઉ ઓનલાઈન જાહેર નિવિદા નં. ૧૦/૧૩-૧૪ પ્રસિદ્ધ કરાયેલ, જેમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે. જેની લાગતા વળગતા ઈજારદારશ્રીઓએ નોંધ લેવી. (અનુ.નં.૧ અને ૨ના કામ માટે)

વિગત	અગાઉની તારીખ	નવી તારીખ
ટેન્ડરના દસ્તાવેજો વેબસાઈટ www.rnb.nprocur જોવા મળી શકશે.	તા. ૨૮/૧૦/૨૦૧૩ થી ૬/૧/૨૦૧૪ સુધી	૬/૧/૨૦૧૪થી ૨૪/૧/૨૦૧૪ સુધી
ટેન્ડર ખોલવાની તારીખ	૭/૧/૨૦૧૪	૨૭/૧/૨૦૧૪
દસ્તાવેજ રજી.પો.એ.ડી.થી સાદર કરવાની તારીખ	૭/૧/૨૦૧૪થી ૧૩/૧/૨૦૧૪	૨૭/૧/૨૦૧૪થી ૨/૨/૨૦૧૪ સુધી

નિવિદાની અન્ય વિગતો યથાવત રહેશે. માહિતી/૨૧૯૭/૧૩-૧૪

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500™
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ